



# હાટકેશ્વર મહાદેવ- વડનગર

શુભસ્થળ:-

હાટકેશ અંબિકાધામ,સ્વામિનારાયણ ગુરુકુળની પાછળ,ગામ:ઝુંડાલ જી:ગાંધીનગર





શ્રી ૧॥

ભાવભીનુ આમંત્રણ







## આધ્યશક્તિ મા અંબાજી ચેરીટેબલ ટ્રસ્ટ,-ઝુંડાલ સંચાલિત

મુખ્ય ઉદ્દેશ: નિયમિત અને સમયસર પૂજા તથા વ્યસનમુક્તિ



૨૭ મો નવચંડી મહાયજ્ઞ

તારીખ:- ૨૫/૦૧/૨૦૨૬,રવિવાર

## પ્રેરક

ઉપાસકશ્રી વિનોદભાઈ મહેતા,( M.com,B.ed)

મહેતા પરિવાર -ઝુંડાલ તથા અંબિકાધામ

ભાવિકભક્ત શ્રી________________________

________________________________________

સહપરિવાર

શુભસ્થળ:-હાટકેશ અંબિકાધામ,સ્વામિનારાયણ ગુરુકુળની પાછળ,

ગામ:ઝુંડાલ જી:ગાંધીનગર




## શ્રી ૧॥

### ભાવભીનુ આમંત્રણ




દેવાધિદેવ હાટકેશ દાદા, જગતજનની મા અંબાજી ની અસીમ કૃપા,વડીલોના આશીર્વાદ,તથા ભાવિકભક્તોના સાથ સહકારથી સતત ૨૭મા વર્ષે માતાજીના આશીર્વાદ પ્રાપ્ત થાય સનાતન ધર્મનો પ્રચાર થાય, ભક્તોની મનોકામના પરિપુર્ણ થાય, તથા દરેક ભક્તોની ધાર્મિક શ્રધ્ધા અને વિશ્વાસમા વધારો થાય તેવા પવિત્ર ધાર્મિક ઉદ્દેશ સાથે માતાજીના ગુણગાન નિમિત્તે નવચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે, મા અંબાજીના આ આરાધનાના ધાર્મિક પ્રસંગમા માતાજીના આશીર્વાદ મેળવવા આપને સહ પરિવાર પધારવા અમારૂ હ્રદય પુર્વક ભાવભીનુ આમંત્રણ છે.

તો આપ જરૂરથી પધારશો.

## ૨૭ મા નવચંડી મહાયજ્ઞના કાર્યક્રમની રૂપરેખા

| | |
|---|---|
| નવચંડી મહાયજ્ઞની શુભશરૂઆત<br>સવારે ૯:૦૦ કલાકે | ધજા આરોહણ<br>સવારે ૧૧:૦૦ કલાકે |
| શ્રીફળ હોમવાનો સમય:<br>સાંજે ૦૪:૨૩ કલાકે | પ્રસાદી નો સમય<br>સાંજે ૫:૦૦ કલાકે |

શુભસ્થળ:-હાટકેશ અંબિકાધામ,સ્વામિનારાયણ ગુરુકુળની પાછળ,ગામ:ઝુંડાલ જી:ગાંધીનગર

નિમંત્રક: ઉપાસકશ્રી વિનોદભાઈ મહેતા,મહેતાપરિવાર તથા અંબિકાધામ




## શ્રી ૧॥

### ભાવભીનુ આમંત્રણ




## હાટકેશ અંબિકાધામનો સંક્ષિપ્ત પરિચય:

હાટકેશ અંબિકાધામ ગાંધીનગર જીલ્લાના ઝુંડાલ ગામે સ્વમિનારાયણ ગુરુકુળની પાછળના ભાગમાં આવેલું છે.આ પવિત્રધામમાં દેવાધિદેવ મહાદેવજી હાટકેશ્વરદાદા સ્વરુપે બિરાજમાન છે.અને તેમની સાથે શક્તિસ્વરુપા જગતજનની મા અંબાજીની સ્થાપના કરેલ હોવાથી આ ધાર્મિક સ્થાનને 'હાટકેશ-અંબિકાધામ' તરીકે ઓળખવામાં આવે છે.ઝુંડાલ ગામમાં વસતા વિસનગરા નાગર બ્રાહ્મણ અને મહેતા પરિવારની કુળદેવી મા અંબાજી હોવાથી આ પવિત્ર સ્થાનને 'મહેતાની કુળદેવી મા અંબાજી મંદિર' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## હાટકેશ અંબિકાધામની વિશેષતા:

- હાટકેશ અંબિકાધામ ત્રણ માળમાં વિધમાન છે.
- દેશ-વિદેશમાં હાટકેશ અંબિકાધામ ખાતે દર્શનાર્થે આવતા ભાવિક ભક્તોની સગવડ સચવાય તે માટે પીવાના ચોખ્ખા પાણીની સગવડ,રહેવા માટે રૂમની વ્યવસ્થા ,વપરાશ માટે ૨૪ કલાક પાણીની વ્યવસ્થા ,બાથરૂમ તથા પૂરતા પ્રમાણમાં લાઈટ-પંખાની વ્યવસ્થા છે.
- નાના મોટા પ્રસંગની ઉજવણી માટે બે હોલની સુવિધા છે.
- પ્રસંગને અનુરૂપ ભોજન બનાવવા માટે રસોડાની તથા ભોજનશાળાની વ્યવસ્થાની સુવિધા ઉપલબ્ધ છે.
- પરિસરમાં ઇશ્વર સાથે કુદરતના સાનિધ્યમાં અનુસંધાન સાધવા માટે બાંકડાની વ્યવસ્થા અને પ્રસંગમાં ઉપયોગમા લઈ શકાય તે માટે ખુરશીની વ્યવસ્થાનો લાભ લઈ શકાય તેમ છે.
- વિશાળ પાર્કિંગની સગવડ છે.
- ભવિષ્યમાં લિફ્ટની સગવડનું પણ આયોજન કરવામાં વિચારેલ છે.
- લાઈબ્રેરી ની વ્યવસ્થા રાખેલ છે.